જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૧/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૦૧	૧૧	૧૧૨૧૨	૧૭૩૩૨	૧૧	૧૭૩૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૭૬૧	૨૪	૨૮૭૮૫	૩૦૦૦૧	૩૩	૩૦૦૩૪
કુલ		૪૪૭૩૦	૩૫	૪૪૭૬૫	૫૩૮૨૪	૪૪	૫૩૮૬૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૮	૧૧,૧૨,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૩૩	૯,૩૩,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

નારોલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાનથી શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી નાસત ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઈવ રાખેલ હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ખાતેના વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ અલગ અલગ ટીમો બનાવી તપાસ કરવા જણાવેલ જે આધારે સર્વેલન્સ સ્કોડ હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે “નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૨૬૮/૨૦૧૯ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(એ)(ઈ) ૮૧ ૯૮(૨ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી અશોકકુમાર અંબાલાલ જાતે પંચાલ રહે.મ.નં.૭૩ ગલી નં.૪ સુભાષનગર બાંસવાડા જી.બાંસવાડા રાજસ્થાન રાજ્ય વાળો હાલમાં તેમના ઘરે આવેલ છે. “ જે હકિકતની જાણ સર્વેલન્સ સ્કોડના વુ.પો.સ.ઈ શ્રી જે.એસ.ચૌધરી સાહેબ નાઓને કરતાં તેઓએ તાત્કાલિક ટીમ બનાવી સર્વેલન્સ સ્કોડના હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ તથા પો.કો.પ્રહલાદસિંહ શિવસંગભાઈ નાઓને રાજસ્થાન ખાતે મોકલી આપતાં બાતમી હકિકતમાં જણાવેલ જગ્યાએ જઈ તપાસ કરતાં વોન્ટેડ આરોપી અશોકકુમાર અંબાલાલ જાતે પંચાલ ઉ.વ.૪૭ ધંધો.નોકરી રહે.મ.નં.૭૩ ગલી નં.૪ સુભાષનગર બાંસવાડા જી.બાંસવાડા રાજસ્થાન રાજ્યનાઓ મળી આવતાં તેઓને લાવી સૌપ્રથમ કોરોના વાયરસ (કોવિડ–૧૯′ નો રિપોર્ટ કરાવવા સારૂ મોકલી આપી નેગેટીવ આવેથી નારોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી પ્રોહી ગુ.ર.નં.૫૨૬૮/૨૦૧૯ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(એ)(ઈ) ૮૧ ૯૮(૨ મુજબના ગુનામાં અટક કરવા તજવીજ કરી નારોલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧) વ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ

(૨) હે.કો.સરફરાજનવાઝ ઈબ્રાહિમમીયાંબ.નં.૪૦૦૫

(૩) પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭

(૪) પો.કો.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૧૬૩



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને પાલનપુર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

શૈલેશભાઇ ઉર્ફે સલાભાઇ સબ/ઓફ બબાજી સોલંકી ઉ. વ. ૪૫ રહે. મ નં ૧૭ મહંમદ કસાઇની ચાલી ભાવનીનગરની બાજુમાં ઓઢવ અમદાવાદ શહેર.

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ સેકન્ડ ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૪૬૦/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૫(એ,ઇ), ૯૮(૨), બી,૮૧ તથા ઇપીકો કલમ ૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટની એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧ (બી) મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૧૭૨/૨૦૨૧ તા. ૨૦/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૨૯/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૩૦ વાગે :- પાલનપુર જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ. શ્રી ડી બી પલાસ તથા અનાર્મ હે કો રાજેશભાઇ રમેશભાઇ બ. નં- ૬૭૬૯ તથા પો કો અગરસિંહ દોલતસિંહ બ નં ૧૧૮૨૧ તથા લો ૨ જયદિપસિંહ કનુભાઇ બ.નં. ૧૨૯૪૭ તથા લો ૨ ચાંપરાજભાઇ ઉકાભાઇ બ. નં. ૧૧૩૫૬



નરોડા પોલીસ સ્ટેશન

પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૦૩/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૭૬/૨૦૨૧ તા-૩૦/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૩૦/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૩૦/૦૧/૨૦૨૧

આરોપીનુ નામ -

રાજકુમાર ઓમપ્રકાશ સરોજ ઉ.વ.૩૦ રહે:મકાન નં-૩ યોગેશ્વર પાર્ક તક્ષશીલા રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



કાગડાપીઠ પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાની પ્રવૃતિ સાથે સંકળાયેલ બે આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા દેશીદારૂની અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ બે આરોપીઓ નામે (૧)ગીરીશ ઉર્ફે ગીરીયો ચંદ્રકાન્તભાઇ ચીમનલાલ ચુનારા, રહે, કંટોડીયાવાસ, કોઠીનાઝાડની બાજુમા,રાયપુર દરવાજા બહાર,કાગડાપીઠ, અમદાવાદ શહેર તથા ચુનારાવાસ, ડેરીયાપડા, જાનયાપીરનો ટેકરો,વટવા,અમદાવાદ નાઓ વિરૂધ્ધ કાગડાપીઠ પો.સ્ટે.પાર્ટ સી.ગુ.ર.ન.૧૧૧૯ ૧૦૨૫૨૦૧૩૭૦/૨૦૨૦ ધીપ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઇ),મુજબ તથા કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૦૨૮૨/૨૦૨૦ ધી પ્રોહીકલમ ૬૬(બી),૬૫(ઇ),૮૧,મુજબ તથા ૨.શૈલેશ ઉર્ફે કાલો સ/ઓ જશુભાઇ ધનાભાઇ ચુનારા.ઉ.વ.૩૧,રહેવાસી-ચુનારાવાસ સ્મશાનની બાજુમાં ગામ-કમોડ તા-દસ્ક્રોઇ જી-અમદાવાદ નાઓ વિરૂધ્ધ કાગડાપીઠ પો.સ્ટે.પાર્ટ સી.ગુ.ર.ન.૧૧૧૯૧૦૨૫૨૦૧૩૭૦/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઇ),૮૧,મુજબ તેઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ સાદર કરતા તેઓ સાહેબે તેઓની કચેરીના જેમાં આરોપી નં ૧. ક્રમાંક/PCB/DTN/પાસા/૧૭૭/૨૦૨૧ તા.૩૦/૦૧/૨૦૨૧ અન્વયે સદરી પાસા અટકાયતીને "પાલાર"ભુજ જેલ તથા પાસા અટકાયતી નં ૨ ક્રમાંક/PCB/DTN/પાસા/૧૭૮/૨૦૨૧ તા.૩૦/૦૧/૨૦૨૧ અન્વયે સદરી પાસા અટકાયતીને "રાજકોટ" જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૩૦/૦૧/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ તથા ૨૧/૧૫ વાગ્યે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ" જેલ તથા પાલાર ભુજ જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૩૦/૦૧/૨૦૨૧




નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ અને ૪૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૦૭/૨૦૨૧**

રામોલઃ દીપકકુમાર મનહરલાલ પટેલ (ઉ.વ.૨૬)(રહે.જય યોગેશ્વર સોસાયટી વન્ડર પોઈન્ટ ચાર રસ્તા પાસે રામોલ) એ તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી કે તા.૧૦/૦૮/૨૦૨૦ થી તા.૧૮/૦૮/૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર મોબાઈલ નંબર ૯૫૮૨૪૦૪૫૫૬ તથા ૭૮૨૭૩૧૪૧૭૩ ના ધારકે દીપકકુમારને નોકરી આપવાની લાલચ આપી રૂપિયા ૪૧,૬૫૦/- મેળવી લઈ તથા મોબાઈલ નંબર ૯૭૨૭૧૦૧૦૭૬ અને ૯૩૧૧૮૬૮૫૭૭ ના ધારકે ફોન કરી પર્સનલ લોન આપવાની લાલચ આપી રૂપિયા ૧૭,૫૨૦/- મળી કુલ રૂપિયા ૫૯,૧૭૦/- ઓન લાઈન જમા કરાવડાવી નોકરી નહી અપાવી તેમજ પર્સનલ લોન નહી આપાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

ઘરફોડ ચોરી :- **સમાચાર યાદી નં.૨૦૮/૨૦૨૧**

મણીનગરઃ રાજેશભાઈ લીલારામ ધનકાની (રહે. રિવેરા બ્લ્યુઝ વડાફોન હાઉસ પાસે કોર્પોરેટ રોડ મકરબા સરખેજ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૩૦/૦૧/૨૦૨૧ સવારના ૯/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમયાન મણીનગર પ્રાણશંકર હોલ ઓમકાર ટ્રેડર્સ નામની પોતાની દુકાનના શટર તોડી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સીગરેટોના બોક્સ અને ડબ્બાઓ અને તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૯/૨૦૨૧**

ઓઢવઃ સુરેશભાઇ અંબાલાલ મકવાણા (ઉ.વ.૩૨) (રહે. ગોગા મહારાજની ચાલી મહાકાળીનગર ઓઢવ) તા.૩૦/૦૧/૨૦૨૧ વહેલી સવારે વિમલપાર્ક સોસાયટીના ગેટની નજીક ઘડીયારની દુકાન નજીક તાપણું કરતા હતા ત્યારે શરીરે આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા હતા જ્યા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાન્તીલાલ જીવાજી ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૨૧૦/૨૦૨૧**

વટવાઃ વટવા કેનાલ રોડ વલ્લભ પાર્કની બાજુમાં અનુષ્ઠાન ગ્રેસ સાઈટસ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા દિપકકુમાર સ/ઓ નિરોતીલાલ માહોર (ઉ.વ.૨૩) (મુળ વતન. રાઠોર મહોલ્લા રૂપવાસ ગામ જી-ભરતપુર રાજય-રાજસ્થાન) તા.૨૯/૦૧/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે અનુષ્ઠાન ગ્રેસ સાઈટના ડી બ્લોકના ભોયરામાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલીસબ્રીજ હોપ ન્યુરો કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

આત્મહત્યાઃ - **સમાચાર યાદી નં.૨૧૧/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ ચાંદલોડીયા અર્બુદાનગર સોસાયટી વિભાગ-૧ ખાતે રહેતા નિલેશભાઇ ભગવાનભાઇ દલવાડીનો અઢી વર્ષનો પુત્ર પ્રીયમ તા.૨૯/૦૧/૨૦૨૧ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક અંડર ગ્રાઉન્ડ પાણીના ટાંકા નજીક રમતા-રમતા પાણીના ટાંકામા પડી જતા પાણી પી જતા સારવાર માટે તેને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

સેટેલાઇટઃ રુપેશભાઈ રજનીકાંત દેસાઈ (રહે.આઝાદ એપાર્ટમેન્ટ વિભાગ-૧ સેટેલાઈટ) એ કોરોના મહામારીમાં પોતાની પત્ની મૃત્યુ પામતા મનમા લાગી આવતા તા.૩૦/૦૧/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લીંબોલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી